સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# ગુજરાતે મેળવ્યું દેશમાં સૌથી વધુ વિદેશી રોકાણ



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

**એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં ગુજરાતે રૂ.૧.૧૯ લાખ કરોડનું વિદેશી રોકાણ હાંસલ કર્યું છે જે સમગ્ર દેશે મેળવેલા કુલ રોકાણના ૫૩% છે. કોવિડ-૧૯ના કપરા કાળમાં પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના દીર્ઘદ્રષ્ટા નેતૃત્વ હેઠળ ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં મોખરે રહ્યું છે અને તેણે આત્મનિર્ભર ભારતના નિર્માણમાં સિંહ ફાળો આપ્યો છે.**

## ગુજરાતમાં રોકાણ

નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ગુજરાતના વિદેશી રોકાણમાં ૨૪૦%નો જંગી વધારો થયો છે, જે ભારતના કોઈપણ રાજ્ય કરતાં વધુ છે.

એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૦ ના DPIIT દ્વારા જારી કરવામાં આવેલા આંકડાઓ અનુસાર, ગુજરાતે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના પ્રથમ છ મહિનામાં ૧.૧૯ લાખ કરોડ રૂપિયાનું વિદેશી રોકાણ પ્રાપ્ત કર્યું છે જે સમગ્ર દેશે મેળવેલા કુલ વિદેશી રોકાણનો ૫૩% હિસ્સો છે.

એન્યુઅલ સર્વે ઑફ ઈન્ડસ્ટ્રીઝ (ASI) અનુસાર, ઔદ્યોગિક ઉત્પાદનની દ્રષ્ટિએ ગુજરાત ભારતના ઉત્પાદનમાં ૧૭.૫% હિસ્સા સાથે પ્રથમ સ્થાને છે. એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૦ દરમ્યાન ભારતની કુલ નિકાસમાં ગુજરાતનો ૨૩% થી વધુ ફાળો છે અને ગુજરાતના બંદરો ભારતના કુલ ૪૦% કાર્ગોનું વ્યવસ્થાપન કરે છે.

આંકડાઓની દ્રષ્ટિએ IEM ફાઈલ કરવામાં અને ૨૦૧૯માં નોંધાયેલા વાસ્તવિક રોકાણમાં ગુજરાત પ્રથમ સ્થાને છે.


DPIITના આંકડાઓ પ્રમાણે ભારતમાં મૂલ્યના સંદર્ભમાં IEM ફાઈલ કરવામાં અને વર્ષ ૨૦૧૯માં ૪૯ બિલીયન યુએસ ડોલરના પ્રસ્તાવિત રોકાણ સાથે ગુજરાતે ૫૧% હિસ્સો (ભારતમાં સૌ પ્રથમ સ્થાન) હાંસલ કરેલ છે.

જ્યાં ભારતમાં વર્ષ ૨૦૧૯માં પ્રસ્તાવિત રોકાણો (IEMs) માં ૪૮%નો વધારો નોંધાયો, ત્યાં ગુજરાતમાં પાછલા વર્ષ કરતાં ૩૩૩%ની વૃદ્ધિ નોંધાઈ છે.

ગુજરાતમાં વર્તમાન સમયમાં લગભગ ૧૦૦ ફોર્ચ્યુન ૫૦૦ કંપનીઓ છે.

## ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલિસી ૨૦૨૦ની મુખ્ય વિશેષતાઓ

- વૃદ્ધિ લાભ સાથે ૧૫ મુખ્ય ક્ષેત્રો
- રાજ્યમાં મૂડી રોકાણો પર આધારિત ઈન્સેન્ટિવ્સ; SGST થી ઈન્સેન્ટિવ્સને અલગ કરતું સૌ પ્રથમ રાજ્ય
- નિશ્ચિત મૂડી રોકાણના ૧૨% સુધી મૂડી સબસિડી
- સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ કદના ઉદ્યોગોને મૂડી અને વ્યાજ સબસિડી
- ખાનગી કંપનીઓ દ્વારા સંશોધન અને વિકાસ કેન્દ્રો સ્થાપવા માટે ઈન્સેન્ટિવ્સ
- અન્ય દેશોમાંથી સ્થળાંતર થતા ઉદ્યોગો માટે ઈન્સેન્ટિવ્સ
- લાંબા ગાળા માટે લીઝ પર સરકારી જમીન
- સિંગલ પોઈન્ટ સંપર્ક તરીકે સમર્પિત રિલેશનશિપ મેનેજર્સ
- મેગા ઓનલાઈન પરમિશન અને કેન્દ્રીય નિરીક્ષણ એજન્સી




Rs. in Crore

**"આવા સમયમાં સર્વાધિક વિદેશી રોકાણ એ ગુજરાતની વ્યાપાર માટે મૈત્રીપૂર્ણ નીતિઓનું સાચું પ્રતિબિંબ છે."**

**શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**